# બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની કેન્દ્રીય મંત્રીઓએ મુલાકાત લીધી

અતિવૃષ્ટિથી પૂરગ્રસ્ત બનાસકાંઠા જિલ્લાની કેન્દ્રીય મંત્રીઓ કૃષિ મંત્રીરાધામોહનસિંહ, કૃષિ અને પંચાયત રાજયમંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલા અને સુક્ષ્મ, લઘુ તથા મધ્યમ ઉધોગ રાજયમંત્રી હરિભાઈ ચૌધરીએ મુલાકાતે આવીને પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તોને મળી માહિતી મેળવી હતી. મંત્રીશ્રીઓએ ડીસા મુકામે માર્કેટયાર્ડ ખાતે ફૂડપેકેટો અને વિવિધ રાહત સામગ્રીનું નિરીક્ષણ કર્યુ હતું. કેન્દ્રીય મંત્રીશ્રીઓએ લાખણી તાલુકાના કુડા અને ભાભર તાલુકાના રૂની ખાતે પરિસ્થિતીનું નિરીક્ષણ કરી અસરગ્રસ્ત લોકોને સાંભળી તેમની મુશ્કેલીઓ જાણી હતી. મંત્રીશ્રીઓએ જમીન ધોવાણ અને પાકને થયેલ નુકશાનનું નિરીક્ષણ કર્યુ હતું. મંત્રીશ્રીઓએ અધિકારીઓ પાસેથી માહિતી મેળવી કામગીરીને વધુ પરિણામલક્ષી બનાવવા સુચનો પણ કર્યા હતા.



કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી રાધામોહનસિંહે મિડીયા સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે ભારે વરસાદમાં ગુજરાત સરકારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપભેર રાહત અને બચાવની કામગીરી હાથ ધરી છે પરિણામે મોટુ નુકશાન નિવારી શકાયું છે. તેમણે જણાવ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ જીલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરી પૂરગ્રસ્તોને સહાય માટે રૂ. ૫૦૦ કરોડ મંજુર કર્યા છે જેનાથી સહાયની કામગીરી વધુ વેગવંતી બનશે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગ રાજયમંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે જિલ્લામાં થયેલા ભારે વરસાદની કુદરતી આપત્તિ સમયે સરકાર દ્વારા રાહત અને બચાવની કામગીરી તાત્કાલીક હાથ ધરાતાં હજારો લોકોને બચાવી શકાયા છે તેમજ મોટુ નુકશાન નિવારી શકાયું છે. તેમણે વહીવટીતંત્ર દ્વારા હાથ ધરાયેલ કામગીરીની સરાહના કરી હતી.

# ભાજપના સભ્યોની કમિટી ...ટેકો કોંગ્રેસે આપ્યો

મહેસાણા પાલિકા આજે મિલીજુલી સરકારનો ઘાટ ગઢવામાં આવ્યો હતો આજે વિવિધ ૨૧ કમિટીની રચનામાં પાલિકાના નવીન કોગ્રેસ પ્રમુખે ભાજપના હોદેદારોના નામ સાથેની કમિટીને મંજુરી આપી હતી તેનું કારણ કોગ્રેસનો જ આંતરિક જૂથ વાદ છે. જ્યારે કોગ્રેશનો વિહિપ પણ આવ્યો હતો પરતું તેનું પણ અવગણ થઈ હતી.

આજે મહેસાણા નગરપાલિકામાં સામાન્ય સભા મળી હતી જેમાં ૬ મહિનાથી ટલ્લે ચઢેલી ૨૧ કમિટીઓનું કોકડું ઉકેલાવામાં આજે બોર્ડ મંજુર થયું હતું. બળવા બાદ પણ કોંગ્રેસમાં હોવાનો દાવો કરનારા બળવાખોર ૧૦ કોર્પોરેટરોનું વલણ સ્પષ્ટ થયું હતું. કોંગ્રેસ કાર્યાલય ખાતે જિલ્લા પ્રમુખ કિર્તીસિંહ ઝાલા અને શહેર પ્રમુખ ભૌતિક ભટ્ટની અધ્યક્ષતામાં કોંગી કોર્પોરેટરોની બંધ બારણે બેઠક મળી હતી. જેમાં હાજર ૧૯ કોર્પોરેટરોને પ્રદેશમાંથી નિયત કરેલી કમિટીઓ સંબંધે વ્હીપ અપાયો હતો. જ્યારે બેઠકમાં ગેરહાજર ૧૦ બળવાખોર કોંગી કોર્પોરેટરોને વ્હીપ રજીસ્ટર એડીથી મોકલી આપ્યો હતો. પાલિકામાં સત્તા બચાવી રાખવા કોંગ્રેસે બળવાખોર કોર્પોરેટરો પાસે શરત મૂકી હતી જેમાં પ્રમુખ રઈબેન અને કમિટીઓ ૧૯ કોર્પોરેટરોને ફાળવવી અને તેમના પર કરેલી કાર્યવાહી પરત ખેંચી લેવી. જોકે, બળવાખોરોએ પણ ભાજપ સાથે મળી કમિટીઓ રચવાનું આજે નક્કી કર્યુ હતું. જેમાં બોર્ડમાં જ કોગ્રેસે વ્હીપ વાચ્યો હતો જેમાં કોગ્રેસની પાલિકામાં બહુમતી હોવા છતાં પણ ભાજપના ટેકાથી ૧૦ સભ્યોએ કમિટીની રચના કરી હતી. જેમાં પાલિકાનીટીપી કમિટી અલ્લારખી અયુબખાનને રીપીટ કરવામાં આવી હતી. જ્યારે કારોબારી ચેરમેન કૌશિક વ્યાસને બનાવવામાં આવ્યા હતા. જે ભાજપમાંથી ચુટાયેલા છે.



## ભિલોડા પાસેના સુનસરના ડુંગરોમાં ધોધ વરસ્યા

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં વરસાદના સતત અવિરત ધીમી ધારે મેઘરાજાએ પધરામણી કરી છે ત્યારે ક્યાંક ગંભીર સમસ્યાઓ ઉભી થઈ ગઈ છે તો વળી ક્યાંક કહેર,ક્યાંક ખુશીનો માહોલ સર્જાયો છે.ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલ શેર ગામ સુનસર પાસે ધરતીમાતાના મંદીર નજીક ડુંગરોમાંથી કુદરતી રીતે ખલ-ખલ શુધ્ધ ચોખ્ખા પાણીના ઝરણા વહેતા થઈ ગયા છે.દુર-દુરથી પ્રકૃતિ પ્રેમીઓ સુનસર પાસેના વહેતા ઝરણાનો ધોધ નિહાળી પ્રજાજનો આનંદ માણી રહ્યા છે.અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં ઠેર-ઠેર લીલી ચાદર પથરાઈ હોય તેવી રીતે ડુંગરોની સુંદરતા સોળે કળાએ ખીલી ઉઠી છે.સુનસર પાસે કુદરતનો આ નજારો નિહાળવા,લ્હાવો લેવા પ્રજાજનો દુર-દુરથી આવી રહ્યા છે.લોકમુખે ચર્ચાય છે કે ધાર્યું ધણીનું થાય તેમ ક્યાંક ને ક્યાંક કુદરત હોવાનો અહેસાસ જોવા મળી રહ્યો છે.

# શામળાજીના અણસોલ ગામની સીમ પાસેથી ડસ્ટર કારમાંથી ૧.૧૫ લાખનો વિદેશી દારૂ પકડાયો

અરવલ્લી, તા. ૨૯

અરવસલ્લી જિલ્લાના શામળાજી નજીક આવેલા ને.હા. નં-૮ પર આવેલા અણસોલ ગામની સીમમાંથી શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા ઉદેપુર તરફથી આવતી ડસ્ટરકારને અટકાવી તપાસ કરતા કારમાંથી ૧,૧૫,૨૦૦ રૂ. નો વિદેશી દારૂ ઝડપી પાડી ૨ બુટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. શામળાજી પોલીસે વિદેશી દારૂ મંગાવનાર અમદાવાદના બુટલેગર અને દારૂ સપ્લાય કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. શામળાજી પોલીસે શુક્રવારે સાંજે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ને.હા.નં-૮ પર આવેલા અણસોલ ગામની સીમમાં વાહનોનું ચેકીંગ હાથ ધરાતા ઉદેપુર બાજુથી આવતી ડસ્ટર કાર(ગાડી નં-જી.જે.-૦૧-કે.એસ.૯૨૪૯)માં સંતાડેલો રોયલ સ્ટાઈલ પ્રિમયમ વિહસ્કી બોટલો નંગ-૨૧૬, બિયરની ત્રણ પેટી કુલ બોટલ નંગ-૭૨ મળી કુલ-૧૧૫૨૦૦ રૂપિયાનો ગેરકાયદેસર વગરપાસ પરમીટનો વિદેશીદારૂ ઝડપી પાડી કારચાલાક કમલેશ ગણેશ લુહાર (રહે.બડિયાર,રાજસ્થાન) અને મદદગારી કરનાર રાકેશ કુરાજી ભરાડા (રહે. કડિયાનાલા પાટિયા, રાજસ્થાન)ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ વિદેશી દારૂ મંગાવનાર અમદાવાદના બુટલેગર રમેશભાઈ (રહે. જેતલપુર, બારેજા-અમદાવાદ) અને વિદેશી દારૂ ભરી આપનાર અશોક મીણા( રહે. રોબીયા-ઉદેપુર, રાજસ્થાન) વિરુદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ડસ્ટર કાર કિંમત ચાર લાખ અને મોબાઈલ-૩ કિંમત -૨૦૦૦ મળી કુલ-૫૧૭૨૦૦નો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## હિંમતનગર કલેકટર કચેરી ખાતે આયુર્વેદ અમૃતપેય કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લામાં વરસાદની પરિસ્થિતિને જિલ્લામાં લોકોમાં રોગચાળોન ફેલાયઅને સ્વાકઈન ફલુ સામે રોગ પ્રતિકારક શકિત વધારવા માટે સાબરકાંઠા જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા ધ્વારા અમૃત પેય ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કલેકટર કચેરી ખાતે આયોજીત આયુર્વેદ અમૃત પેય કેમ્પમાં જિલ્લા સમાહર્તા શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષ વ્યાસ, જિલ્લા પોલીસ વડા શ્રી પ્રવિણ માલ, જિલ્લા ન્યાયાધીશ શ્રી ગુજરાથી અને જીલ્લાધ પંચાયતના પ્રમુખ શ્રી રાજેન્દ્રસિંહ કુંપાવતની ઉપસ્થિતિમાં કેમ્પા ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

# આજે મુખ્યમંત્રી બનાસકાંઠામાં

## જિલ્લા મુખ્ય મથક પાલનપુરમાં મુખ્ય સચિવ સહિત ૧૩ જેટલા વરિષ્ઠ સચિવો-જિલ્લાતંત્રના અધિકારીઓની સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ રવિવારે ૩૦ જુલાઈએ રાજ્ય વહીવટીતંત્રના વરિષ્ઠ ઉચ્ચ અધિકારીઓ સાથે બનાસકાંઠાના વરસાદ-પૂર પ્રભાવિત વિસ્તારોની પ્રત્યક્ષ મૂલાકાત લઈ બચાવ-રાહત અને જનજીવન ઝડપથી પૂર્વવત કરવાની કામગીરીની સમીક્ષા બેઠક જિલ્લામથક ખાતે યોજીને સ્થળ પર જ જનજીવન રાબેતા મુજબ કરવાના મહત્વપૂર્ણ જરૂરી નિર્ણયો કરશે.

મુખ્યમંત્રી રવિવારે સવારે ધાનેરા તથા થરાના અતિવૃષ્ટિગ્રસ્ત ગામો-લોકોની મૂલાકાત લેવાના છે.

વિજયભાઈ રૂપાણીએ ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતીમાં અસરગ્રસ્ત ગામો, નાગરિકો, ખેતીવાડીને નુકશાન પ્રત્યે અત્યંત સંવેદનશીલ અભિગમ દાખવીને રાહત કાર્યો, સહાય વિતરણ, વીજ પૂરવઠો-પાણી પૂરવઠો તથા સફાઈ-આરોગ્યના કાર્યો માટે સ્થળ પર જ ત્વરિત નિર્ણયો લઈ શકાય તેવા જનહિત હેતુથી વહીવટીંત્રના વરિષ્ઠ સચિવો અને આ સ્થિતીમાં ફિલ્ડમાં કાર્યરત જિલ્લાતંત્રના અમલીકરણ અધિકારીઓ વચ્ચેની આ બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ, મુખ્યમંત્રીના અગ્રસચિવ, મહેસૂલના અગ્ર સચિવ, સિંચાઈ, માર્ગ-મકાન, શહેરી વિકાસ વિભાગ, કૃષિ વિભાગ, ઊર્જા, આરોગ્ય, પાણી પૂરવઠા સહિતના સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો જોડાવાના છે.

આ બેઠકમાં જિલ્લાના કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પ્રાંત અધિકારીઓ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગોના જિલ્લા કક્ષાના અધિકારીઓને પણ રાહત-બચાવ અને પુનઃસ્થાપન કામગીરીમાં સ્થળ પર જ નિર્ણયો-માર્ગદર્શનને પરિણામે નવી દિશા મળશે.

# લીંભોઈ ગ્રામ પંચાયતના જર્જરિત મકાનની છત ધસી પડતા અફડાતફડી

મોડાસા તાલુકાના લીંભોઈ ગ્રામપંચાયતનું ૫૫ વર્ષ પહેલા નિર્માણ પામેલ મકાન હાલ સંપૂર્ણ જર્જરિત હાલતમાં છે. આ મકાનમાં પંચાયતના સત્તાધીશો જીવના જોખમે ગામનો વહીવટ ચલાવી રહ્યા છે. ગ્રામ પંચાયતનું મકાન ઉતારી લેવા અને નવું બનાવવા ૨૦૧૫ ના વર્ષમાં દરખાસ્ત કરેલ હોવા છતાં જવાબદારતંત્ર દ્વારા યોગ્ય પગલાં ના લેવાતા જિલ્લામાં સતત વરસતા વરસાદમાં શુક્રવારે સાંજના સુમારે જર્જરિત ગ્રામ પંચાયતના મકાનના આગળના ભાગની છત ધડાકાભેર અવાજ સાથે તૂટી પડતા ગામ લોકો દોડી આવ્યા હતા. સદ્નસીબે સાંજનો સમય હોવાથી પંચાયત કચેરી બંધ હોવાથી જાનહાની ટળી હતી. આજ મકાનના ઉપરના મજલા પર ધી. સાબરકાંઠા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક લી.ની પણ શાખા ચાલતી હોવાથી જો જર્જરિત મકાનની છત કામકાજના ચાલુ સમયમાં પડી હોત તો ગ્રામજનો ભોગ બનત તેમ ગ્રામજનો એ જણાવ્યું હતું.






લીંભોઈ ગામના સરપંચ હિતેન્દ્ર જોશીના જણાવ્યા અનુસાર ૨૦૧૫ માં ગ્રામ પંચાયતના નવીન મકાન માટે અગાઉના સરપંચ અને સત્તાધીશો દ્વારા નવીન મકાન બનાવવા દરખાસ્ત મોકલી આપવા છતાં વહીવટીતંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ના થતા વરસાદી માહોલમાં જર્જરિત મકાનની છત તૂટી ગઈ હતી. આ મકાનનું જવાબદારતંત્ર દ્વારા સર્વે કરી નવીન મકાન બનાવવામાં આવે તે ખુબ જરૂરી છે અને અતિ જર્જરિત મકાન આગામી સમયમાં નિર્દોષ ગામ લોકો અને ગ્રામ પંચાયતના સત્તાધીશો અને કર્મચારીઓ માટે આફતરૂપી બને તો નવાઈ નહિ.

# મહેસાણા જિલ્લામાં વરસાદી પરિસ્થિતિની સમીક્ષા બેઠક યોજાઈ

મહેસાણા જિલ્લામાં છેલ્લા દિવસોમાં પડેલ વરસાદની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે જિલ્લા કલેકટર આલોક કુમારના માર્ગદર્શનથી નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.જેમાં જિલ્લામાં અવિરત વરસાદના પગલે માનવમૃત્યુ, પશુમૃત્યુ, વીજપુરવઠામાં વિક્ષેપ, પીવાના પાણીમાં વિક્ષેપ, મકાન નુંકશાન, પાક નુંકશાન સહિતની વિવિધ બાબતો પર સમીક્ષા કરાઈ હતી

નિવાસી અધિક કલેકટર રમેશ મેરજાએ જણાવ્યું હતું કે કલેકટર સાહેબશ્રીની સુચના અનુંસાર સંબધિત વિભાગોને વરસાદ બાદ રાહત અને સફાઈના કામો સત્વરે કરવા જણાવાયું છે. મહેસાણા જિલ્લામાં ૨૨ મકાનોને નુંકશાન થયું છે તેમજ ત્રણ માનવમૃત્યુ નોંધાયા છે. જિલ્લામાં પશુમૃત્યુ અંતર્ગત ૨.૪૦ લાખની સહાય ચુકવાઈ છે.જે અંગેની થતી કામગીરી ઝડપથી કરવા જણાવાયું હતું.



## ભિલોડામાં સાર્વત્રીક વરસાદ બાદ અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં સાર્વત્રીક વરસાદ બાદ ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાતાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાત પવિત્ર વિકાસ બોર્ડ,ગાંધીનગર સંચાલિત સુપ્રસિધ્ધ યાત્રાધામ શામળાજીમાં રાજદિપ એન્ટરપ્રાઈઝ, એજન્સીના સફાઈ કામદારો ધ્વારા ભિલોડા ગ્રામ પંચાયત મતવિસ્તારમાં સફાઈ અભિયાનનો કાર્યક્રમ હાથ ધરાયો હતો.

## ભિલોડાના ડોડીસરા ગામે વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૨૯

ભિલોડાના ડોડીસરા ગામે રૂા.૧,૭૦,૭૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો.ગુજરાતમાં દારૂ માટેનો કડક કાયદો ઘડાયો તેમ છતાં ઠેકઠેકાણે દારૂના અડ્ડા ધમધોકાર ચાલી રહ્યા છે.દારૂનો ધંધો કરતા ઈસમો કાયદાની ઐસી-તૈસી કરી રીતસરના દારૂના અડ્ડા ચલાવતા હોય છે. ભિલોડા પાસેના ડોડીસરા ગામની રોડની સાઈડ પર વગર પાસ પરમીટે પોતાના માલીકીની સિલ્વર કલરની જાયલો ગાડી નંબર.જી.જે. ૯. બી.એ.૬૦૪૩ તેમજ સફેદ કલરની જાયલો ગાડી નંબર.જી.જે. ૧૮.બી.એ.૭૧૪૬ જેની કિંમત રૂા.૬,૦૦,૦૦૦/-ગાડીમાં અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલ કુલ નંગ-૫૧૨, ટીન નંગ-૪૮૬ કિંમત રૂા.૧,૭૦, ૭૦૦/-જે કુલ મળી રૂા.૭,૭૦, ૭૦૦/-નો કુલ મુદ્દામાલ મળી આવેલ છે. પોલીસ રેડ દરમ્યાન દારૂની હેરાફેરી કરતા નીતીન પાઉલ બળેવા,રહે.ડોડીસરા તેમજ તેની સાથેના ત્રણ ઈસમો નાસી ગયાનું પોલીસ સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

# મોડાસામાં પાણી ઓસરતાં પાલીકા તંત્રની પૂરજોશમાં સફાઈ કામગીરી

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં સતત ૬ દિવસથી મેઘરાજાએ ધબધબાટી બોલાવતા જળબંબાકાર સર્જાતા મોડાસાની ૧૦ થી વધુ રહેણાંક સોસાયટીઓમાં વરસાદી પાણી ઘૂસી જતા પૂરની સ્થિતિ પેદા થયી હતી અને ૨૫૦૦ જેટલા લોકોએ સ્થળાંતર કરવું પડ્યું હતું. બે દિવસથી વરસાદે પોરો ખાતા મોડાસા નગર પાલિકા તંત્ર દ્વારા તમામ અસરગ્રસ્ત એરિયામાં શુક્રવારે સફાઈ કામગીરી હાથધરી, દવાનો છંટકાવની કામગીરી હાથ ધરી હતી.



મોડાસા શહેરમાં મેઘરાજાએ ૬ દિવસમાં તોફાની બેટિંગ કરી શહેરને ઘમરોળી નાખતા શહેર નીચાળવાળા વિસ્તારો અને રહેણાંક સોસાયટીઓમાં ઘરોમાં અને રોડ પર અત્ર તત્ર સર્વત્ર પાણી પાણી થઈ જતા ભારે મુશ્કેલી સર્જાઈ હતી. નગરપાલિકા તંત્ર અને વહીવટીતંત્ર પાણીના નિકાલ માટે કુદરત સામે લાચાર જણાઈ હતી. લઘુમતી વિસ્તારની સોસાયટીમાં ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ ન થતા લોકોમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો હતો અને બે વાર રોડ ચક્કાજામ કર્યો હતો. ત્યારે વરસાદે ૨ દિવસથી વિરામ લેતા અને ઝરમર ઝરમર વરસાદ વચ્ચે નગરપાલિકા તંત્ર દ્વારા સોયટીઓમાં ભરાયેલ પાણી કાઢવા સફળ રહેતા અને વરસાદી પાણી ઓસરતાં નગરપાલિકાના પ્રમુખ વનીતાબેન પટેલ, ચીફ ઓફિસર, એન્જીનીયર દેવાંગ સોની અને સેનેટરી ઈન્સ્પેકટર સુનિલ રાજપુરોહિતએ વહીવટીતંત્ર સાથે રાખી મોડાસાની લઘુમતી વિસ્તારની અમાનપાર્ક સોસાયટી, રસુલાબાદ, ઘાંચી હાઈસ્કૂલની સામેની સોસાયટીઓ, રત્નમ રેસીડેન્સી, વિદ્યાકુંજ સોસાયટી અને અસરગ્રસ્ત વિસ્તારોમાં યુદ્ધના ધોરણે શુક્રવારે સવારે મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારો, બગીચાના કર્મચારીઓ અને સુરત નગરપાલિકાના ૪૧ સફાઈકામદારો સાથે સમગ્ર નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. તદઉપરાંત દવાનો અને મલેરિયા ઓઈલની છંટકાવની કામગીરી કરી વરસાદી પાણીથી અસરગ્રસ્ત વિસ્તારોના રોડ પર પડેલા ખાડાઓમાં કાંકરો કપચી નાખી સમારકામ હાથ ધરવામાં આવતા મોડાસા શહેરમાં વરસાદી પાણી અને ગંદકીથી રોગચાળો ફાટી નીકળવાની શક્યતાઓ નહિવત બની હતી.





મોડાસા નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ સાથે ટેલિફોનિક વાત કરતા જણાવ્યું હતું કે મોડાસા કોલેજ રોડ પરની લઘુમતી વિસ્તારની સોસિયટીઓમાં ભરાયેલા પાણી થી ગુસ્સે ભરાયેલા લોકો લીમડા તળાવ તોડવાની માંગ કરતા મોડાસાના રહેણાંક સોસાયટી વિસ્તારોમાં ભારે તારાજી ના થાય તે માટે ધીરજપૂર્વક સમજાવી તળાવના પાણીનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો અને સરકાર દ્વારા સુરત નગરપાલિકા દ્વારા મોકલેલ ૫૦ સફાઈ કામદારોમાંથી ૪૧ સફાઈ કામદારો અને મોડાસાના સફાઈ કામદારો સાથે મળી સઘન સફાઈની કામગીરી હાથ ધરી છે. ૯ સફાઈ કામદારો ધનસુરામાં મોકલવામાં આવ્યા હતા.